સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ

# વાળંદ વિકાસ



દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ • અંક - ૬ • જૂન ૨૦૨૫ • છૂટક પ્રત રૂા. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી




સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું


સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઇ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.
નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

## BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Vaidya Stavan Dineshkumar** |
| Gender | : | Male |
| Date of Birth | : | 21-10-1999 |
| Date of Place | : | Godhara |
| Time of Birth | : | 10:20 Rashi : Kumbh |
| Weight | : | 55 Kg. |
| Height | : | 5 Feet 5 Inch (165 cm) |
| Religion | : | Hindu Valand |
| Qualification | : | Bechlor of Physiotherapy |
| Occupation | : | Working as Senior Physiotherapy |
| Hobbies | : | Sports, Reading, Travelling |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Late. Dr. Dineshkumar Vaidya |
| Mother | : | Late Avani Vaidya |
| Sister | : | Tanvi Japan Rathod (U.K.) |
| Jijaji | : | Japan Rathod (U.K.) |

Maternal Relatives Details

| | | |
|---|---|---|
| Grandfather | : | Kiritchandra Bhatiya |
| Grandmother | : | Late. Joyotika Bhatiya |
| Masi | : | Shivani Bhatiya (U.K.)<br>Dr. Rucha Limbachiya (Ahmedabad) |

**Contact Details**

| | | |
|---|---|---|
| Mobile | : | 8347441988, 9016326412 |
| Address | : | U-703, Sardar Patel Colony, Shastrinagar, Ahmedabad |
| Email | : | stavanvaidya045@gmail.com |

## BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **CA Maulik Bharatkumar Parekh** |
| Date of Birth | : | 20 October, 1995 |
| Place of Birth | : | Ahmedabad |
| Education | : | C.A., B.Com., M.Com. |
| Job/Occupation | : | Senior Associates at Navkar Digital Tax Pvt. Ltd. |
| Practice | : | Maulik Parekh & Associates |
| Height | : | 5 feet 6 inches |
| Weight | : | 70 Kgs |
| Hobbies | : | Swimming, Listening, Music, Reading |
| Father's Name | : | Late Bharatkumar Navnitlal Valand |
| Mother's Name | : | Indira Bharatkumar Valand |
| Sister's Name | : | Helly Shubham Parekh (Married & Settled in UK) |
| Resi. Address (1) | | 3081, Motu Dehlu, Vanmali Vanka Ni Pole, Shahpur, Ahmedabad-380001 |
| Resi. Address (2) | | M-10, Sanskrit Apartment, Opp. Amrut Vidyalaya, Ghatlodiya, Ahmedabad-380061 |
| Mobile No. | : | 9638180007, 6354417010, 9825610597 |

Email : maulikparekh95.mp@gmail.com

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

: સહમંત્રી :

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

: કોષાધ્યક્ષ :

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: ટ્રસ્ટીશ્રીઓ :

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬
શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮
શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫
શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨
શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)
શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦
શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯
શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭
શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)
શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)
શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઇજનેરી પાંખ) :

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

: એડવાઇઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી રમેશભાઈ એસ. વાળંદ
શ્રી ભભૂતમલ જવાનજી સેન
શ્રી દિપેશભાઈ મનુભાઈ શર્મા (ભાણસા)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા
શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા)
શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા, PSI, બનાસકાંઠા
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી પ્રવિણભાઈ શર્મા
શ્રી કમલેશકુમાર રમણલાલ શર્મા (ઈસનપુર)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

| | | |
|---|---|---|
| તંત્રી | : | **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય** |
| | | મો : ૭૮૭૪૮૬૯૨૪૭ |
| પ્રકાશક | : | **શ્રી બાલુભાઈ બી. પારેખ** |
| | | મો. : ૯૪૨૮૫૦૩૨૯૧ |
| સહતંત્રી | : | **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)** |
| | | મો. : ૯૪૨૬૩૯૧૩૦૨ |
| સંપાદક | : | **શ્રી શંકરલાલ એમ. ભાટીયા** |
| | | મો. : ૯૪૨૬૦૮૫૪૮૮ |

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. ૯૫૧૦૦૮૩૩૨૬ પર અથવા સંપાદક શ્રી શંકરલાલ ભાટીયા મો. ૯૪૨૬૦૮૫૪૮૮ પર જાણ કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે.

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : | પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : | 200110100010827 |
| ખાતાનું નામ | : | વાળંદ વિકાસ |
| IFSC Code | : | BKID0002001 |
| MICR Code | : | 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : valandsevasangh@gmail.com


# સુભાષિત

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत्॥**

કામ, ક્રોધ તથા લોભ આ ત્રણ આત્માનો નાશ કરનાર નરકના દ્વાર છે માટે આ ત્રણેયને ત્યજી દેવા જોઈએ. ભગવદ્ગીતા ૧૬/૨૧

શાસ્ત્રોમાં મનુષ્યજીવનના ષડ્રિપુઓમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર (ઈર્ષા)ને ગણાવ્યા છે. અહીં ગીતાકારે કામ, ક્રોધ અને લોભને મનુષ્યના સૌથી મોટા શત્રુ ગણાવ્યા છે.

મનુષ્યનો સૌથી મોટો શત્રુ કામ છે. વિષયોનું ચિંતન કરનાર કામી પુરુષને તેમાં આસક્તિ જન્મે છે. દિવસ રાત તેનું મન તેમાં જ રમમાણ હોય છે. વિષયોના ભોગ ભોગવવા છતાં તેને તૃપ્તિ મળતી નથી અને જેમ અગ્નિમાં ઘી નાખતા તે વધારે પ્રજ્વલિત થાય છે એમ વિષયાસક્ત માણસ વિષય ભોગ પાછળ તન, મન, ધનથી ખુંવાર થઈ જાય છે. સાથે સાથે સમાજમાં બે આબરૂ પણ થઈ જાય છે. તેની પાછળ કુટુંબ પણ પાયમાલ થઈ જાય છે. જેમ ધુમાડાથી અગ્નિ અને મેલથી અરીસો ઢંકાઈ જાય છે તેવી રીતે કામ વડે જ્ઞાન ઢંકાયેલ છે. આ કામ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો દ્વારા જ્ઞાનને ઢાંકી દઈ જીવાત્માને મોહિત કરે છે તેથી ઇન્દ્રિયોને વશ કરી નરકના દ્વાર સમાન તથા જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ મહાપાપી કામરૂપી દુર્જન શત્રુને અવશ્ય ત્યજી દેવો જોઈએ.

મનુષ્યનો બીજો શત્રુ ક્રોધ છે. ક્રોધ અજ્ઞાનથી ઉદ્ભવે છે અને અહંકારથી વૃદ્ધિ પામે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ઠેકઠેકાણે મનના સંતાન ક્રોધના દુષ્પરિણામો જણાવ્યા છે. કામ ને ક્રોધ એકબીજાના પર્યાય છે. વિષયવાસનાની આપૂર્તિ ન થતાં ક્રોધ ઉદ્ભવે છે. ક્રોધથી મૂઢતા આવે છે. મૂઢતા સ્મૃતિને હરી લે છે. સ્મૃતિનાશે બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિ નાશ પામવાથી મનુષ્યનો વિનાશ થાય છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે જેમ ઉકળતા પાણીમાં માણસ પોતાનું પ્રતિબિંબ જોઈ શકતો નથી તેમ ક્રોધી માણસ સારાસારનો વિવેક જોઈ શકતો નથી અને ન કરવાનું કરી બેસે છે. સંત તિરિવલ્લુર કહે છે કે આગની પાસે જે જાય છે તેને આગ બાળે છે પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને બાળે છે. ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે જેનો અર્થ એ થાય કે ક્રોધ પોતે જ પોતાની જાતને હણતો હોય છે. આ ક્રોધને ભગવાન મહાવીરે ભભૂકતી આગ કહી છે, પુરાણોમાં તેને નરકનું દ્વાર કહ્યું છે, કુરાનમાં ક્રોધને

**(અનુસંધાન પેજ નં. ૮ પર)**



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજના સર્વે દિલેર દાતાશ્રીઓ, વિદેશમાં વસતા આપણા સર્વે સ્નેહીજનો તથા આપણા સમાજભવનના નવા પ્રોજેક્ટ માટે સંવેદનશીલ તમામ હિતેચ્છુઓને દિલથી આવકારું છું. તેમને સ્નેહ વંદન કરું છું.

આપ જાણો છો કે તા. ૩૦-૪-૨૦૨૫ અક્ષયતૃતિયાના પવિત્ર દિવસે સવારે ૧૦-૩૦ના શુભમુહૂર્તે ગુજરાત વાળંદ સેવા સંઘના નવા પ્રોજેક્ટ બિલ્ડીંગ ખાતે નવી ઓફિસમાં કુંમારીકા દ્વારા ઘટસ્થાપન કરી ઓફિસ સીફટીંગ માટેનું શુભ મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં મર્યાદિત ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો હાજર રહી પવિત્ર દિવસના સાક્ષી રહ્યા હતા.

હાલ આપણે આપણી બાજુની સૌરાષ્ટ્ર પટેલ છાત્રાલય ખાતેથી આપણી ઓફિસનું કામકાજ છેલ્લા અઢી વર્ષથી ચલાવી રહ્યા છીએ. હવે નવા બિલ્ડીંગમાં ભોયતળીયે ગૃહપતિરૂમ, ટ્રસ્ટીરૂમ તથા કાર્યાલયરૂમ તૈયાર થઈ ગયેલ છે. આપણે ટૂંક સમયમાં આપણા નવા બિલ્ડીંગ ખાતેથી વહીવટી કામગીરી શરૂ કરનાર છીએ. આના અનુસંધાને તા. ૧૮-૫-૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૯-૦૦થી ૧૨-૦૦ કલાક દરમિયાન સ્થળ ઉપર સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું તથા બપોરે ૧૨થી ૧ દરમ્યાન સન્માનનીય દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગના તથા સત્યનારાયણની કથાના મુખ્ય યજમાન તથા ભોજનદાતા ઉપપ્રમુખ/ટ્રસ્ટી શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ રહ્યા હતા. જેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય અને ખજાનચી શ્રી નરોત્તમભાઈ નાયી તથા તેમની ટીમે કર્યું હતું. જેનો આભાર માનું છું.

આપ જાણો છો કે ગુજરાત વાળંદ સેવા સંઘના જૂના બિલ્ડીંગને પાયામાંથી તોડી નવું ૧૧ માળનું બિલ્ડીંગ રૂ. ૨૫ કરોડના ખર્ચે તૈયાર કરવાનું શરૂ કર્યું હતું. આ અંગે તે સમયે આપણી વહીવટી કામગીરી માટે ઓફિસની જગ્યાની તાત્કાલીક જરૂરીયાત હતી. આ બાબતે આપણી બાજુની સૌરાષ્ટ્ર પટેલ છાત્રાલયના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીએ પોતાની જગ્યામાંથી એક ઓફિસની જગ્યા આપણા માટે સામેથી ફાળવી આપી હતી. આ માટે પ્રમુખશ્રી દેવજીભાઈ સોજીત્રા તથા મંત્રીશ્રી ભાવેશભાઈ વઘાસીયાનો ખૂબ ખૂબ આભાર માનું છું. તથા સૌરાષ્ટ્ર પટેલ છાત્રાલયના હાલના પ્રમુખશ્રી રમેશભાઈ કાકડીયા તથા મંત્રીશ્રી હરેશભાઈ રવજીભાઈ અને હોદ્દેદારશ્રીઓએ તથા વહીવટદાર શ્રી ધનજીભાઈનો ખૂબ સહકાર મળેલ છે. પડોશીધર્મના નાતે તેઓશ્રીએ આજ દિન સુધી ઓફિસનું ભાડું કે લાઈટબીલ પણ લીધેલ નથી. આથી એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

તા. ૧૮-૫-૨૦૨૫ને રવિવારના રોજ રાખવામાં આવેલ સત્યનારાયણની કથા તથા સન્માનનીય દાતાશ્રીઓના સન્માન સમારંભનો વિગતે અહેવાલ શ્રી નરોત્તમભાઈ એચ. નાયી ખજાનચી/ટ્રસ્ટીશ્રીએ તૈયાર કરી વિગતે આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેથી આ બાબતે હું વધારે લખતો નથી. આવા પ્રસંગે સમયાંતરે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા સન્માનનીય દાતાશ્રીઓ ભેગા મળે તથા સંસ્થા માટે દાન મેળવવા પ્રયત્નો કરે તે ખૂબ જરૂરી છે. નવા પ્રોજેક્ટ બિલ્ડીંગનું કામ પ્રગતિમાં છે. આ માટે કોન્ટ્રાક્ટરને તેના કામના બીલોની ચૂકવણી પણ કરવાની થાય છે. આ માટે આજ સુધી જાહેર થયેલ દાનની આશરે રકમ રૂપિયા દોઢ કરોડ વહેલી તકે દાતાશ્રીઓ આપે તેવી વિનંતી કરવામાં આવે છે તથા સમાજમાં સક્ષમ દાતાઓ તથા પરદેશના દાતાઓ પાસેથી દાન મેળવવા સઘન પ્રયત્નો કરવા પડશે. મને આશા છે કે હાલ પુરતા ભોંયરા સાથે છ માળના આધુનિક સગવડવાળા બીલ્ડીંગ માટે રૂપિયા ૧૦ કરોડની જરૂરિયાત રહે છે. આશરે ચાર કરોડની ચૂકવણી કોન્ટ્રાકટરશ્રીને કરવામાં આવેલ છે. આપણે સૌ સાથે મળી દાન મેળવવા કટીબદ્ધ થઈએ.

અસ્તુ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## તંત્રીશ્રીની કલમે...

દરેક વ્યક્તિના જીવનમાં ક્યારેક ને ક્યારેક એવો પણ સંકટમય સમય આવી જતો હોય છે કે તેને કપરા સંજોગોમાં જીવન નિરસ અને સર્વત્ર અંધકારમય લાગે છે. તે હતાશ થઈ જાય છે - નાસીપાસ થઈ જાય છે. સગાસંબંધી તથા મિત્રો સાથ છોડી દે છે. કોઈની મદદ કે હૂંફ મળતી નથી. સંકટસમયમાં માનવી મનથી ભાંગી પડે છે અને એક નબળી પળે કોઈક તો આપઘાત પણ કરી બેસે છે. પણ આપઘાત એ સમસ્યાનો ઉકેલ નથી. જીવનમાં કરેલાં કર્મો અહીં જ ભોગવવા પડે છે. આપઘાત કરવાથી ફરી પાછા સંચિત કર્મો અનુસાર સૃષ્ટિમાં જન્મ ધારણ કરી સંચિત કર્મો બીજા અવતારમાં ભોગવવા પડે છે. માણસે નાસીપાસ ન થતાં હિંમતથી સમસ્યાઓનો સામનો કરી પ્રમાણિક પણે સંનિષ્ઠ પુરુષાર્થથી એનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈ શાયરે કહ્યું છે કે

જિંદગી જિંદાદીલી કા નામ હૈ
મુર્દાદિલ ક્યા ખાક જીયા કરતે હૈ !
તથા
જહાજસે જો ટકરાતા હૈ ઉસે તૂફાન કહતે હૈ,
મગર તૂફાનસે જો ટકરાતા હૈ ઉસે ઈન્સાન કહતે હૈ.

પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીએ કહ્યું છે કે તારી સાથે તારા હૃદયમાં પરમાત્માનો વાસ છે તેનો નિષ્ઠાપૂર્વક વિશ્ર્વાસ કેળવ. આપણા વેદો, શાસ્ત્રો તથા પુરાણોમાં પણ આત્મા પરમાત્મા સ્વરૂપ આપણા દેહમાં તથા સમગ્ર સૃષ્ટિના કણકણમાં વ્યાપી રહ્યો છે. પણ આપણા હું પણાના અભિમાનને કારણે પરમાત્માના સાથીપણાનો પણ ખ્યાલ રહેતો નથી.

મહાભારતમાં જ્યારે દ્રૌપદીને કપટી કૌરવસભામાં ચોટલો ખેંચીને ઘસડીને લાવી તેનું વસ્ત્રાહરણ કરવામાં આવે છે ત્યારે નિઃસહાય દ્રૌપદી અંતઃકરણ પૂર્વક ત્રિલોકીનાથ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે કે ‘હે સૃષ્ટિના સર્જનહાર, મારા પાંચ પતિ હોવા છતાં તથા પિતાતુલ્ય ભીષ્મ, ગુરુદ્રોણ જેવા મહાપુરુષો મારી લાજ બચાવી શકતા નથી તો હે પ્રભુ ! પરમકૃપાળુ પરમાત્મા તું જ ભારતીય સંસ્કૃતિની તથા મારી લાજ રાખજે.’ તે સમયે દીનદયાળુ દીનાનાથે દ્રૌપદીના ચીર પૂર્યા. કૌરવોના પક્ષે વિશાળ સેના અસંખ્ય વીરયોદ્ધાઓ હતા પણ તેના પક્ષે અસત્ય તથા અધર્મ હતો જ્યારે પાંડવોના પક્ષે અલ્પ સંખ્યામાં સેના હતી પણ સત્ય તથા ધર્મ હતો. તેથી મહાભારતના યુદ્ધમાં કૌરવોની (અધર્મ) હાર થઈ તથા પાંડવોનો (ધર્મનો) વિજય થયો. આપણે પણ મનોબળ મક્કમ રાખી ધર્મને હૃદયસ્થ રાખી ભગવાન શ્રીકૃષ્ણને જીવનના રણસંગ્રામના સારથી બનાવીને જીવન જીવીએ તો ભગવાન આપણી જીવનનૈયા જરૂર પાર કરે છે.

દરેકના જીવનમાં સારા ખરાબ અનેક પ્રસંગો તો આવવાના જ. અયોધ્યાના રાજા રામચંદ્ર તથા જનકનંદિની મહારાણી સીતાને પણ ચૌદ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો હતો. પાંડવોને પણ કૌરવો તરફથી અસંખ્ય અન્યાય કરી રંજાડવામાં આવ્યા હતા. રાજા હરિશ્ર્ચંદ્ર તથા તારામતિએ પણ સત્ય અને ધર્મને કાજે અગણિત દુઃખો વેઠ્યા. આમ દરેકના જીવનમાં દુઃખો તો આવે છે પણ દુઃખો સામે ધૈર્ય અને વિશ્ર્વાસ કેળવી પુરુષાર્થથી પ્રારબ્ધને પલટાવી શકાય છે. ઉભી થયેલી સમસ્યા કુદરતે બક્ષેલી બુદ્ધિશક્તિની કસોટી છે માટે પોતાની આવડત કેળવી પોતાનામાં કેટલી ક્ષમતા છે તે આપમેળે જ સાબિત કરવાની છે. પરિસ્થિતિ સામે લડવાનો સંકલ્પ જ માણસમાં ઉત્સાહ તથા શૌર્યનો સંચાર કરે છે. યાદ રાખો, જીત એની જ થાય છે, જે હિંમત હારતો નથી અને નવો માર્ગ શોધી લે છે. દુનિયા નવી કેડી કંડારનારની નોંધ લે છે.

મહાભારતના યુદ્ધમાં સગા-સંબંધીઓ, મિત્રો સામે લડવા અર્જુનને નિરાશા વ્યાપે છે ત્યારે શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ આપી અધર્મ સામે યુદ્ધ કરવાની હિંમત આપી અને ગીતાજીનું સર્જન થયું. ગીતા એ માત્ર ધર્મગ્રંથ જ નહિ પણ જીવનગ્રંથ પણ છે. જીવનની દરેક સમસ્યાનું સમાધાન ગીતામાં છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે કે ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેને લખનાર દેવતાને સેંકડો વર્ષો થઈ જવા છતાં એવો બીજો એકેય ગ્રંથ હજી સુધી લખાયો નથી. હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારૂપી જળમાં સ્નાન કરાવું છું.

મુકં કરોતિ વાચાલં પંગુ લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપાત્વમહં વંદે પરમાનંદમ માધવમ્ ॥

**– અરવિંદભાઈ એસ. વૈદ્ય**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે મે - ૨૦૨૫ માસમાં

### જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી ઉમંગભાઈ કિરીટભાઈ પારેખ (મહુધા), નડિયાદ |
| ૧૭,૧૦૦/- | શ્રી શંભુપ્રસાદ ઈશ્વરલાલ નાયી, ૪૨ પરગણા |
| ૫,૫૦૦/- | શ્રી મુકેશભાઈ ચીમનલાલ લીમ્બાચીયા |
| ૫૧,૦૦૦/- | શ્રી સાઈઠ નદીશેરા ગઢવાડા લીમ્બાચીયા, સુરત |
| ૧૧,૦૦૦/- | શ્રી સોમાભાઈ ગોવિંદભાઈ નાયી, દાસજ, હાલ અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | શ્રી ચિરાગ અરૂણભાઈ વાળંદ, વડોદરા |
| ૫૦,૦૦૦/- | શ્રી મહેશભાઈ સી. રાજન |
| ૫,૧૦૦/- | શ્રી દશરથભાઈ શંકરભાઈ શર્મા, અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | શ્રી વિનોદભાઈ વડોદરીયા, અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી સુરેશભાઈ જીવણલાલ શર્મા, અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી સંજયભાઈ ચંદુભાઈ પારેખ, ધામતવણ |
| ૫૦,૦૦૦/- | શ્રી ઉમેશભાઈ વી. પારેખ, અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રીમતી ધર્મિષ્ઠાબેન દેવેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટર, અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી પંકજભાઈ કે. નાયી, ગાંધીનગર |
| ૧,૦૦૦/- | શ્રી યોગેશભાઈ અંબુભાઈ પારેખ, અમદાવાદ |
| ૧,૧૦૦/- | શ્રી પરસોત્તમભાઈ કે. શર્મા, બાલાસિનોર |
| ૧,૦૦૦/- | શ્રી કાલીદાસ કે. પારેખ, અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી શૈલેષભાઈ જયંતિભાઈ પારેખ, તાતોસણ, અમદાવાદ |
| ૧૬,૦૦૦/- | ડૉ. ગિરીશભઆઈ વી. પારેખ, વડોદરા |
| ૧,૦૦૦/- | શ્રી પ્રકાશભાઈ મહેતા (મહારાજ), અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી ભરતકુમાર એચ. ચૌહાણ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી ચંદુલાલ ચતુરદાસ વાળંદ, અમદાવાદ |
| ૫૦,૦૦૦/- | શ્રી વિનોદકુમાર છનાલાલ પારેખ, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી પ્રફુલકુમાર શિવલાલ સોલંકી |
| ૧૦,૦૦૦/- | શ્રી હસમુખભાઈ આર. પારેખ, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ ત્રીકમલાલ પારેખ, ગાંધીનગર |
| ૫,૦૦,૦૦૦/- | શ્રી અરવિંદભાઈ જીવણલાલ શર્મા, અમદાવાદ, હાલ અમેરિકા |
| ૫૧,૦૦૦/- | શ્રી રાજેન્દ્રભાઈ ત્રિકમલાલ પારેખ, ગાંધીનગર |
| ૨૧,૦૦૦/- | શ્રી મુકેશભાઈ અંબાલાલ ખડાલિયા, અમદાવાદ |
| ૫,૧૫૧/- | શ્રી નિલેશકુમાર પારેખ |

### જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫૧,૦૦૦/- | શ્રી વજુભાઈ વૈદ્ય (ચુંવાળ જુથ), અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | ડૉ. મુકેશભાઈ ખડાલીયા (પ્રોજેક્ટ પૂરો થાય ત્યાં સુધી દર વર્ષે આપશે), અમદાવાદ |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

## તેજસ્વી તારલાઓ જોગ

શૈક્ષણિક પરિણામોની પ્રસિદ્ધિ ચાલુ વર્ષે એસ.એસ.સી.ની પરીક્ષા ૮૦% ગુણ ઉપરાંત, ધો. ૧૨ની પરીક્ષા ૭૫% ગુણ ઉપરાંત તથા કોઈપણ ફેકલ્ટીના ગ્રેજ્યુએટની પરીક્ષા ૭૦% ઉપરાંત ગુણથી પાસ કરનાર તેજસ્વી તારલાની વિગતો ફોટા સાથે અનુકૂળતા મુજબ છપાશે. પરિણામની નકલ સાથે મોકલી આપવી.

આનાથી ઓછું પરિણામ મેળવનારની નામ-સરનામા તથા મેળવેલ ટકાવારીની માત્ર વિગતો માત્ર છપાશે. જેની નોંધ લેવા વિનંતી. આમ છતાં ફોટો પ્રસિદ્ધ કરવાનો આગ્રહ હોયતો રૂપિયા ૫૦૦/- ફોટા દીઠ ચૂકવવાના રહેશે જેની નોંધ લેવી.

**- વાળંદ વિકાસ સંપાદક મંડળ**

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

**(સુભાષિત - પાન નં. ૪નું અનુસંધાન)**

શેતાનનું સંતાન કહ્યું છે અને બાઈબલમાં માણસમાત્રને ખાક કરનાર જ્વાલામુખી બતાવ્યો છે. ક્રોધ એ નિર્બળ મનની નિશાની છે. ધીર પુરુષ ગમે તેવા સંજોગોમાં પણ પોતાના મનની સ્થિરતાને ગુમાવતો નથી. જે માણસ વિષમ પરિસ્થિતિમાં પણ ક્રોધ કરતો નથી અને સમતા ધારણ કરે છે તે શાંતિ પામે છે કારણ કે પ્રશાંત ચિત્તમાં પરમાત્માનો વાસ હોય છે. આપણે શાંત ચિત્તે વિચારીશું કે જ્યારે જ્યારે આપણે ક્રોધ કરીને જે વર્તન કર્યું છે તે પછી સરવાળે તો નકારાત્મક પરિણામ આવતાં પસ્તાવો જ થાય છે. ક્રોધ કરવાથી કોઈને ક્યારેય લાભ થયો છે ? ના, નુકશાન જ થાય છે. માટે માનવજીવનના આ શત્રુને ત્યજી દેવો જોઈએ.

મનુષ્ય જીવનનો ત્રીજો મહાન શત્રુ લોભ છે. લોભ એટલે શું ? માણસ પાસે જીવન જીવવા પર્યાપ્ત ધન દોલત તથા સંપત્તિ હોય પણ સંતોષ ન રાખતાં વધારે ને વધારે ધન, દોલત તથા સંપત્તિ મેળવવા માટે વલખાં મારતો હોય છે. તે લોભ છે. કહ્યું છે કે લોભને થોભ હોતો નથી. લોભની ગાડી માટે અંતિમ સ્ટેશન હોતું નથી. લોભ એ બ્રેકલેશ ગાડી છે તેથી તેને જીવનના પાટા ઉપર દોડવા સ્વતંત્રતા ન અપાય. લોભનો અગ્નિ સળગતો રાખવા સ્વાર્થ તેમાં ઇંધણનું કામ કરે છે. લોભી માણસ કોઈ દિવસ સુખચેનથી કે આરામથી બેસી શકતો નથી. લોભી માણસને કદી તૃપ્તિ મળતી નથી અને તેથી તેનું મન હંમેશાં અશાંત જ રહે છે અને અશાંત મનવાળા પુરુષને સુખ ક્યાંથી મળે ? લોભ માણસ પાસેથી વિવેક છીનવી લે છે. રશિયાના મહાન તત્ત્વજ્ઞાની લીઓ ટોલ્સ્ટોયની એક વાર્તા ખૂબ જ જાણીતી છે. એક માણસને રાજાએ કહ્યું કે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી તું જેટલી જમીન દોડીને પસાર કરીશ એટલી જમીન તારી. વધુને વધુ જમીન મેળવવાના લોભમાં સૂર્યોદય થતાં એક મોટો રાઉન્ડ લઈ દોડવા લાગ્યો. થાક્યો, હાંફ્યો, પડ્યો, આખડ્યો છતાં દોડતો જ રહ્યો અને લોભમાં ને લોભમાં એટલું દોડ્યો કે સૂર્યાસ્ત થતાં જમીન પર પડીને મૃત્યુ પામ્યો. ટોલ્સ્ટોયે કહ્યું છે કે માણસને અંતે તો કબર માટે છ ફૂટની જમીન જ જરૂરી છે. પણ અજ્ઞાની જીવાત્મા લોભમાં ને લોભમાં પોતાનો વિનાશ નોતરતો હોય છે. માટે લોભને ત્યજી દેવો જોઈએ.

એટલા માટે આપણે પ્રયાસ કરવો જોઈએ કે સાંસારિક કામ, ક્રોધ અને લોભની દિશા બદલીને પરમકૃપાળુ પરમાત્માની બાજુએ લગાવીએ અને પોતાને મુસીબતોથી બચાવીએ. મનુષ્ય માટે સ્વચ્છ નિર્મળ અંતઃકરણ રાખવું જરૂરી છે. જેથી કામ, ક્રોધ, લોભ જેવા નરકના દ્વાર સમાન દુઃશ્મનો મનમાં પ્રવેશી શકે નહિ અને આત્માનો નાશ કરી શકે નહિ.



# ગુજરાત વાળંદ સેવા સંઘના નવા પ્રોજેક્ટ બિલ્ડીંગના ભોંયતળીયાએ સત્યનારાયણની કથાનું આયોજન





ગુજરાત વાળંદ સેવા સંઘના નવા બિલ્ડીંગ પ્રોજેક્ટ ખાતે ઓફિસ સીફ્ટીંગ પ્રસંગે તા. ૧૮-૫-૨૦૨૫ને રવિવારના રોજ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય યજમાન અને ભોજન/પ્રસાદના દાતા શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ, ઉપપ્રમુખ/ટ્રસ્ટી ગુજરાત વાળંદ સેવા સંઘ બિરાજમાન થયેલ હતા. સત્યનારાયણની કથા સવારે ૯-૦૦ વાગે વિદ્વાન, જ્યોતિષી પ્રકાશભાઈ મહેતા દ્વારા શરૂ કરવામાં આવેલ. કથાના મુખ્ય યજમાન ઉપરાંત ઉપપ્રમુખ/ટ્રસ્ટી પંકજભાઈ કે. નાયી, પ્રોજેક્ટ ચેરમેન શ્રી કાલીદાસભાઈ સજોડે બિરાજમાન હતા. આ ઉપરાંત ટ્રસ્ટી/મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય, ટ્રસ્ટી/ખજાનચીશ્રી નરોત્તમભાઈ નાયી, સહમંત્રીશ્રી વિજયભાઈ લિંબાચીયા, ટ્રસ્ટી/દાતાશ્રી સુરેશભાઈ જીવણલાલ શર્મા, શ્રી હર્ષદભાઈ પારેખ ટ્રસ્ટીશ્રી (બારેજા) તથા વારાફરતી ટ્રસ્ટીશ્રીઓ અને હોદ્દેદારોએ પવિત્ર કથાના યજમાનપદનો લાભ લીધો હતો. બપોરે ૧૨ વાગે આરતી કરવામાં આવી હતી. જેમાં હાજર બધા જ ટ્રસ્ટી/હોદ્દેદાર, આમંત્રિત દાતાશ્રીઓ તથા સહકાર્યકર્તાઓએ લાભ લીધો હતો. આમ આ સત્યનારાયણની કથા દ્વારા જગ્યાની પવિત્રતા અનેક ગણી વધી ગઈ હતી. નીચેના બેન્ક્વેટ હોલની વિશાળ જગ્યા અને હવાઉજાશથી હાજર રહેલ બધા જ આમંત્રિતો ભાવવિભોર બન્યા હતા. આટલી સુંદર વિશાળ જગ્યાથી બધા પ્રભાવિત થઈ નવી ઊર્જાના સાક્ષી બન્યા હતા. ત્યાર બાદ સત્યનારાયણની કથાનો પ્રસાદ સૌએ આરોગી ધન્યતા અનુભવી હતી.

આ કથાનું આયોજન પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલની સંમતિથી, મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય તથા ખજાનચી શ્રી નરોત્તમભાઈ નાયીની રાહબરી નીચે સહકાર્યકરોના સહકારથી ફળીભૂત થઈ હતી. જેમાં શ્રી રમેશભાઈ વાળંદ, ગૃહપતિ શ્રી ડાહ્યાભાઈ તથા શંકરભાઈ, શ્રી શંકરભાઈ ભાટીયા, શ્રી કિરીટભાઈ ભટ્ટી, શ્રી ધર્મેન્દ્રભાઈ તથા શ્રી રમેશભાઈ વૈદ્ય વગેરેના સહકારની અત્રે નોંધ લેવામાં આવે છે.

ત્યાર બાદ સન્માનનીય દાતાશ્રીઓનો સન્માન સમારંભ બપોરે ૧૨-૦૦ વાગે શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં સ્ટેજ ઉપર નીચે જણાવેલ સન્માનનીય દાતાશ્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. (૧) શ્રી જયેશભાઈ વાજા, રૂ. ૭૫ લાખના દાતા, બિલ્ડર વડોદરા, (૨) શ્રી પંકજભાઈ કે. નાયી ઉપપ્રમુખ, (૩) શ્રી સંજયભાઈ પારેખ, ઉપપ્રમુખ, (૪) શ્રી રમેશભાઈ એક રૂમના દાતા (અડાલજ) મોટી છાસઠ, (૫) શ્રી મહેશભાઈ રાજન એક રૂમના દાતા (વાસણા), (૬) શ્રી અરવિંદભાઈ દમણી, ટ્રસ્ટી એક રૂમના દાતા, (૭) ડૉ. શ્રી ગીરીશભાઈ




પારેખ દાતા (બરોડા), (૮) શ્રી પરસોત્તમભાઈ શર્મા, પ્રમુખ, બાલાસિનોર, (૯) શ્રી કૃષ્ણકાંતભાઈ શર્મા એક રૂમના દાતા, (૧૦) શ્રી વિઠ્ઠલભાઈ પ્રમુખ સેન સમાજ, વડોદરા, (૧૧) શ્રી રતિલાલ તલાટી, મંત્રી ચૂંવાળ જથ, (૧૨) શ્રી જીવણલાલ વાળંદ પ્રમુખ ચૂંવાળ પાંચ પરગણા જથ (જથ તરફથી એક રૂમના દાનની જાહેરાત થયેલ છે.) (૧૩) શ્રી બળદેવભાઈ લિંબચ ફાર્મ ભાત, ગાંધીનગર જેઓ રૂં. ૧,૧૧,૧૧૧/-ની જાહેરાત તથા વધારે દાન મેળવી આપવા ખાત્રી આપેલ છે. ઉપરોક્ત સન્માનનીય દાતાશ્રીઓનું સન્માન ફુલછડી અને શાલથી હાજર રહેલ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો દ્વારા કરવામાં

વાળંદ ચેકથી (૫) રૂા. ૫,૧૫૧/- ભરતકુમાર હરીલાલ ચૌહાણ, (૬) રૂા. ૧૬,૦૦૦/- રોકડા શ્રી ડૉ. ગીરીશભાઈ પારેખ વડોદરા (આમ રૂા. ૫૧,૦૦૦/- પુરા કરેલ છે.) (૭) ડૉ. મુકેશભાઈ ખડાલીયા રૂા. ૨૧,૦૦૦/- પ્રોજેક્ટ પુરો થાય ત્યાં સુધી દર વર્ષે આપશે. નરોડા (૮) સત્યનારાણ કથાના મહારાજશ્રી તરફથી રૂપિયા ૧૦૦૦/- દાન ભેટ રોકડમાં (૯) રૂા. ૫૧૦૦/- શ્રી દશરથભાઈ શંકરભાઈ, અમદાવાદ

સ્ટેજ ઉપરના મહેમાનોએ પ્રસંગો ચિત ઉદ્બોધન કર્યું હતું. જેમાં શ્રી જયેશભાઈ વાજા મૌન રહી પોતાનો ઉમદાભાવ પ્રદર્શિત કરેલ. બે રૂમના દાન ઉપરાંત વિશેષ





આવ્યું હતું. આ પ્રસંગે એવો માહોલ બન્યા કે આમંત્રીતો દ્વારા દાનની સરવાણી શરૂ થઈ. જે નીચે મુજબ છે.

(૧) રૂ. ૫૧,૦૦૦/- શ્રી વજુભાઈ વૈદ્ય (ચુંવાળજથ) જાહેરાત, (૨) શ્રી ઉમેશભાઈ પારેખ રૂા. ૫૦,૦૦૦/- પ્રોજેક્ટ સુપરવાઈઝર (૩) શ્રી વિનોદકુમાર છનાલાલ પારેખ રૂા. ૫૦,૦૦૦/- ચેકથી (રૂમના દાતા) (૪) રૂા. ૫૧,૦૦૦/- ચંદુલાલ ચતુરદાસ

દાન મેળવી આપવા ખાત્રી આપી છે. શ્રી પંકજભાઈ કે. નાયી પ્રમુખ સોસ્તર જથ પોતાના જથમાંથી રૂા. ૭૫,૦૦,૦૦૦/- તથા પરદેશથી પ્રોત્સાહક દાન મેળવી આપવાની ખાત્રી આપેલ છે. ડૉ. ગીરીશભાઈ વડોદરાએ ટ્રસ્ટીશ્રીઓને વડોદરા આવવા આમંત્રણ આપી સારું એવું દાન મેળવી આપવા ખાત્રી આપેલ છે. આ ઉપરાંત સ્ટેજ ઉપરના બધા જ મહેમાનોએ આ

પ્રોજેક્ટ સત્વરે પુરો થાય તે માટે વિશેષ દાન મેળવી આપવા કટીબદ્ધ છે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

પ્રોજેક્ટ ચેરમેન શ્રી કાલીદાસભાઈએ પ્રોજેક્ટની પ્રગતી અંગેનો અહેવાલ ખુબ સારી ભાષામાં પ્રદર્શિત કર્યો હતો. તેઓશ્રી પણ સોસ્તર સમાજમાંથી વિશેષદાન મેળવી આપશે તેવી ખાત્રી સભાને આપેલ છે.

આ પ્રસંગે સ્ટેજ ઉપરના સર્વ મહેમાનો, દાતાશ્રીઓ, હાજર રહેલ આમંત્રીતો, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો તથા સર્વેનો આભાર ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પારેખે (ખંભાત) દિલથી માન્યો હતો તથા તેઓશ્રી ખેડા/આણંદ જિલ્લામાંથી વિશેષદાન મેળવવા સૌના સહકારથી ચળવળ શરૂ કરનાર છે તથા આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓને ખંભાત આવવા આમંત્રણ પાઠવેલ છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી ભાનુભાઈ વૈદ્ય તથા ખજાનચી શ્રી નરોત્તમભાઈ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલ ટ્રસ્ટીશ્રીઓનો આભાર માન્યો હતો તથા અંગત કારણોસર હાજર નહીં રહી શકેલ ટ્રસ્ટીશ્રીઓને શુભેચ્છા પાઠવી હતી તથા સર્વે સાથે મળી પ્રોજેક્ટને સમયસર પુરો કરવા આયોજન કરવા જણાવેલ હતું. ખજાનચી શ્રી નરોત્તમભાઈએ સંસ્થાની હાલની નાણાંકીય સ્થિતિની જાણ કરી હતી તથા સમયસર બિલ્ડરને તેમના કરેલ કામના બીલોની ચૂકવણી થાય તે માટે રજુઆત કરી હતી. હાલ અમેરિકા ખાતે ઉપસ્થિત પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તથા તેઓશ્રી પાસેથી પરદેશથી વધારે દાન મેળવી આપવાની આશા રાખવામાં આવેલ છે. જે પરિપૂર્ણ થશે તેવી શુભેચ્છા.

સત્યનારાયણની આ કથાની હાજર રહેલ આશરે ૧૫૦ કાર્યકરો, ટ્રસ્ટીશ્રીઓ, આમંત્રિતો વગેરેમાં નવી ઊર્જાના દર્શન થયા હતા. આમ આ કાર્યક્રમ સફળ રહેતાં સર્વે ખુશનુમા વાતાવરણમાં છૂટા પડ્યા હતા. સૌએ કથાના મહાપ્રસાદનો ખુબ પ્રેમથી લ્હાવો લીધો હતો. કથાના તથા પુરાપ્રસાદના દાતાશ્રી સંજયભાઈનો ફરીવાર આભાર માનું છું.

**પ્રેષક : નરોત્તમભાઈ એચ. નાયી**
**ટ્રસ્ટી/ખજાનચી ગુ.વા.સેવા સંઘ, અમદાવાદ**

# પ્રાદેશિક સમાચાર

## શ્રી લીમ્બાચીયા તેર સમાજ મહેસાણા શહેર

શ્રી લીમ્બાચીયા તેર સમાજ મહેસાણા શહેર દ્વારા હવન અને ઉજાણી તથા ડીઝીટલ સમાજ દર્શન ગ્રંથ વિમોચન કાર્યક્રમ તારીખ-૨૦/૦૪/૨૦૨૫ના રવિવારે સોમનાથ મહાદેવ તળેટીના સાનિધ્યમાં ભવ્યરીતે યોજવામાં આવ્યો. સવારે ૯:૧૫ કલાકે નવચંડી હવનના આરંભથી સાંજે ૫:૧૫ કલાકે હવન કાર્યક્રમને પૂર્ણાહુતી થઇ. નવચંડી હવનમાં ૧ મુખ્ય પાટલા તથા ૧૦ અન્ય પાટલાના યજમાનશ્રીઓ બિરાજમાન હતા. સમગ્ર હવન કાર્યક્રમમાં તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ખડે પગે હાજર રહી સેવા નો લાભ આપ્યો હતો.

સાંજે હવન સમાપન પછી સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ભોજન દાતાશ્રી શ્રી દિનેશભાઈ કે લીમ્બાચીયા, શ્રીમતી મીનાબેન ડી. લીમ્બાચીયા-ટુંડાવ ને ફૂલહાર, શાલ તથા મોમેન્ટથી સન્માન કરવામાં આવ્યા હતા. ડીઝીટલ સમાજ દર્શન ગ્રંથના મુખ્ય સૌજન્ય દાતા શ્રી ઉનાવા લીમ્બચ માતા સંસ્થા ના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ એન. લીમ્બાચીયા, શ્રી દેવેન્દ્રભાઈ-ઉનાવા, શ્રી વિપુલભાઈ- ઉનાવા, તથા સહયોગી દાતાશ્રીઓ સુરેશભાઈ એન. લીમ્બાચીયા- પાંચોટ-ઊંઝા, શ્રી સોમાભાઈ કે. લીમ્બાચીયા-ઉનાવા, શ્રી જયંતીભાઈ એસ. લીમ્બાચીયા- વાલમ- અમદાવાદ, મહેસાણા કર્મચારી મિત્રમંડળના પ્રમુખશ્રી શ્રી રાજુભાઈ એ. લીમ્બાચીયા-કામલી, લીમ્બાચીયા તેર સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના પ્રમુખશ્રી શ્રી જગદીશભાઈ-તળેટી માજી મહામંત્રીશ્રી શ્રી ભોગીલાલ ઘડીયાળી-ટુંડાવ-ઊંઝા સામાજિક કાર્યકર શ્રી હીરાલાલ જી. લીમ્બાચીયા-ઊંઝા, ચંદુભાઈ એ. લીમ્બાચીયા-તળેટી, શ્રીમતી ભારતીબેન જે. નાયી- પાંચોટ, શ્રીમતી ધર્મિષ્ઠાબેન આર.લીમ્બાચીયા-ભાન્ડુ, શ્રીમતી વર્ષાબેન પી. લીમ્બાચીયા-ભાન્ડુ શ્રીમતી જીજ્ઞાબેન અતુલભાઈ લીમ્બાચીયા-ઊંઝા, શ્રી હસમુખભાઈ એસ. લીમ્બાચીયા- ટુંડાવ, શ્રી ભાનુભાઈ એચ. લીમ્બાચીયા-મણુંદ, શ્રી રમેશભાઈ શંકરભાઈ નાયી વાલમ, શ્રી વિનોદભાઈ વીરચંદભાઈ લીમ્બાચીયા ઐઠોર હવન-ઉજાણી પત્રિકાના દાતાશ્રી શ્રી જસવંતભાઈ કે.

નાયી-ખંડોસણ R.T.O ઓફિસર મહેસાણા પાર્થ સાહેબ તેમજ અન્ય અતિથીઓનું ફૂલહાર તેમજ શાલથી સન્માન કરવામાં આવ્યું. સહ પાટલા યજમાન શ્રીઓને હવન-ઉજાણી કમિટી તરફથી મોમેન્ટ તેમજ શ્રીમતી ઇન્દુબેન શાંતિલાલ લીમ્બાચીયા- ધીણોજવાળા તરફથી સાડી આપી સન્માન કરવામાં આવ્યા.

સાંજના ૭:૦૦ કલાકે કાર્યક્રમને અંતે ડીઝીટલ સમાજ દર્શન ગ્રંથનું પડદા પર શ્રી લીમ્બ્સ માતાજી સંસ્થાન ટ્રસ્ટ-ઉનાવાના ટ્રસ્ટીઓ શ્રી પ્રકાશભાઈ, દેવેન્દ્રભાઈ, વિપુલભાઈ, સોમાભાઈ, પાર્થ સાહેબ, જગદીશભાઈ તથા જસવંતભાઈ દ્વારા ડીઝીટલ લોન્ચિંગ કરવામાં આવ્યું ૧૫૦ કુટુંબીજનોની તમામ માહિતી ડીઝીટલએપ મોબાઇલ વોટસઅપ ગ્રુપમાં મેળવી શકાય આ એપ સતત અપગ્રેડ થતી હોવાથી સુધારા-વધારા થી સાચી માહિતી મેળવી શકાય છે.

સમગ્ર સભાનું સંચાલન ભાન્ડુ નિવાસી શ્રી રાજુભાઈ કે.લીમ્બાચીયા દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રમુખશ્રી જસવંતભાઈ, મંત્રીશ્રી જગદીશભાઈ તથા તમામ હોદેદારો રાજુભાઈ-કામલી, લક્ષ્મણભાઈ-કંથરાવી, મનહરભાઈ- લણવા, ચંદુભાઈ- તળેટી તેમજ કાર્યકર્તાઓએ ખુબજ સાથ અને સહકાર તન-મન-ધન થી આપ્યો. ડીઝીટલ લોન્ચિંગ નિર્મિત શ્રી રાકેશભાઈ-કંથરાવી અંબિકા સ્ટુડિયો હતા.તમામ દાતાશ્રીઓ, અતિથિશ્રી તેમજ કાર્યકર્તાઓનું શ્રી લીમ્બાચીયા તેર સમાજના મહેસાણા શહેરના પ્રમુખશ્રી-મંત્રીશ્રી અભાર પ્રગટ કરે છે.

શ્રી લીમ્બાચીયા તેર સમાજ મહેસાણા શહેર તરફથી મહેસાણા શહેરની પ્રથમ સમાજ દર્શન ગ્રંથની આવૃત્તિ સને-૨૦૦૪ જેના મુખ્ય સંપાદક શ્રી જસવંતભાઈ જે. નાયી પાંચોટ-મહેસાણા તથા તેમના સર્વે હોદેદારોશ્રીઓએ બહાર પડેલ હતી તેમજ બીજી આવૃત્તિ સને-૨૦૧૩ જેના મુખ્ય સંપાદક શ્રી અતુલભાઈ જે. લીમ્બાચીયા ઊંઝા- મહેસાણા તેમજ તેમના સાથી સંપાદક સમિતિએ બહાર પાડેલ હતી. આવતી ઉજાણી ૨૦૨૬ વર્ષના સમગ્ર દિવસના ભોજન દાતાશ્રી લક્ષ્મણભાઈ એન લીમ્બાચીયા-કંથરાવી, તથા ૨૦૨૭ વર્ષના ભોજન દાતાશ્રી રાજુભાઈ બી. લીમ્બાચીયા – ઊંઝા જાહેર થયેલ છે.

સૌને જય લીમ્બચ. જય સોમનાથ

**લિ. શ્રી જશવંતભાઈ જે. નાયી, પાંચોટ- મહેસાણા**
**પ્રમુખશ્રી શ્રી લીમ્બાચીયા તેર સમાજ મહેસાણા શહેર**

## શ્રી લીબચ માતા જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ વાળંદ-નાયી જ્ઞાતિનાં આર્થીક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થીક સહાય

શ્રી લીબચ માતા જ્વાલા માતા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ સાલ ૨૦૦૨ થી વાળંદ જ્ઞાતિના આર્થીક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થીક સહાય પહોંચાડતુ આવેલ છે. સાલ ૨૦૨૫-૨૦૨૬ માં ધોરણ ૧૦ થી આગળ અભ્યાસ કરવા માંગતા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ પાસે આર્થીક સહાય માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ધોરણ ૧૦ બાદ મેડીકલ, એન્જીનીયરીંગ, સાયન્સ, કોમર્સ અને અન્ય ફેકલ્ટીઓમાં ઉચ્ચ અભ્યાસ માટે એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ગવર્મેન્ટ કોલેજો (એન્જીનીયરીંગ ડીગ્રી, ડીપ્લોમાં) એડમીશન મેળવનાર વિદ્યાર્થીઓ ફી ખૂબજ ઓછી હોય આ સહાયને પાત્ર થશે નહી.

**અરજી સાદા કાગળ પર :** જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા.૧૫/૦૬/૨૦૨૫ સુધીમાં સંસ્થાના સરનામા પર રજી. પોસ્ટ અથવા કુરીયરથી મોકલવાની રહેશે.

**અરજીમાં :** પુરૂ નામ, પુરૂ સરનામું, પીનકોડ, મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, બેંકનું તથા બ્રાન્ચનું નામ, IFSC કોડ, છેલ્લે પાસ કરેલ પરિક્ષાની વિગત (નામ) કુટુંબની વાર્ષિક આવક, ફોટો તથા અન્ય વિગતો સારા અક્ષરે લખી નીચે જણાવેલ લાગુ પડતા ડૉક્યુમેન્ટસ સાથે સમયસર મોકલી આપવાની રહેશે.

**અરજી સાથે જોડવાના ડૉક્યુમેન્ટસ :** (૧) બેંક એકાઉન્ટ નંબર વાળા પેજની ઝેરોક્ષ કોપી (૨) કુટુંબની આવકનો દાખલો (૩) છેલ્લે પાસ કરેલ પરિક્ષાની માર્કશીટ (૪) જ્ઞાતિના કોઇ પણ સંસ્થાના પ્રમુખ, મંત્રીશ્રી નો ભલામણ પત્ર. (૫) નવું એડમીશન લીધુ હોય તો તેની રીશીપ્ટ, (જે પછીથી પણ મોકલી શકાય). (૬) પાસપોર્ટ સાઇઝના બે ફોટા.

**નોંધ :** (૧) ધોરણ ૧૦ પછીના ઉચ્ચ અભ્યાસ માટે જ અરજી કરી શકાશે. (૨) સરકારી કોલેજમાં એડમિશન મળે તેને આર્થીક સહાય મળવા પાત્ર નથી. (૩) ફેમીલી દીઠ એક જ અરજી માન્ય રહેશે.

સંસ્થા જ્ઞાતિનાં દાતાઓ તરફથી મળતી દાનની રકમ પર જ નિર્ભર હોય અને અન્ય કોઇ સરકારી મદદ

મળતી ન હોય, માન્ય થયેલ અરજી નાં અરજદારોને પ્રાપ્ય રકમ વહેંચી આપવામાં આવે છે. અરજી માન્ય / રીજેક્ટ કરવાની સત્તા સંસ્થાની કમીટી/ટ્રસ્ટી મંડળની રહેશે. ગત વર્ષે ૨૦૨૪-૨૦૨૫ માં ૪૨ વિદ્યાર્થીઓના ખાતામાં દરેકને ૩,૦૦૦/- જમા કરવામાં આવેલ. નાયી વાળંદ જ્ઞાતિનાં ગુજરાત ભરના કોઇપણ વિદ્યાર્થી અરજી કરી શકે છે.

**અરજી મોકલવાનું સરનામું :** કીરીટકુમાર એમ. ભટ્ટી (મંત્રીશ્રી) બી-૪૩, સુર્યવન એપાર્ટમેન્ટસ, જજીસ બગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. ૯૮૨૫૧ ૮૬૦૦૮.

એજ્યુકેશનને મહત્વ આપતાં દાતાશ્રીઓને આપનું દાન નીચેનાં એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી શ્રી લીંબચ માતા જ્વાલા માતા પરિવાર ચે.ટ્રસ્ટ.

A/c. No. 487208801, Indian Bank,
IFSC Code IDIB000S156
BRANCH S.G. ROAD, AHMEDABAD

**– ભાનુભાઈ એન. વૈધ, પ્રમુખ**
**મો. ૭૪૦૫૮૨૮૯૫૫**

## શ્રી લિમ્બચ માતા મંદિર - પાટણ

આદ્યસ્થાન પાટણ ખાતે કુળદેવી શ્રી લિમ્બચ માતાનો ચૈત્ર સુદ આઠમના રોજ નવચંડી યજ્ઞ યોજાઈ ગયો. જેમાં અગાઉ નક્કી થયા મુજબ ઉછામણીમાં સૌથી વધુ રકમ રૂા. ૪૨,૦૦૦/- બોલી યજમાનપદે પાટણના વતની શ્રી યોગેશકુમાર મનસુખલાલ લીંબાચીયા ધર્મપત્ની ભારતીબહેન સાથે નવચંડી યજ્ઞમાં યજમાન બનીને યજ્ઞનો લાભ લીધો હતો. પાટણ ખાતે ગાંધીનગરથી આવેલ પગપાળા સંઘે સવારે ૮-૩૦ વાગે ધ્વજાઓ ચઢાવી હતી. ત્યારબાદ ૯-૦૦ વાગે સોલા અમદાવાદથી પધારેલ પદયાત્રીઓએ ધ્વજા ચઢાવી હતી. બપોરે ૨ વાગે યજ્ઞના વિરામ સમયે મુખ્ય ધ્વજા ચઢાવવામાં આવી હતી. સાંજે ૫ વાગે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૭-૩૦ વાગે પાટણના મુખ્ય માર્ગો પર કુળદેવી શ્રી લિમ્બચ માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગાંધીનગર તેમજ સોલાથી આવેલ પદયાત્રીઓનું સન્માન કરી વાજતે ગાજતે ડી. જે.ના તાલે ઝૂમીને શોભાયાત્રા સ્વરૂપે સન્માન કરવામાં આવ્યું હતું. બપોરે અંદાજિત ૩૦૦૦થી વધુ યાત્રાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. કુલ ૪૦૦૦થી વધુ ભાવિક ભક્તોએ ચૈત્ર સુદ-આઠમના શ્રી લિમ્બચ માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાત્રે ૮-૩૦ કલાકે જ્ઞાતિસમાજની વાડીમાં અંદાજિત ૩૦૦થી વધુ ભાવિક ભક્તોએ ભોજન લીધું હતું. રાત્રે ૧૦ વાગે માતાજીની પલ્લી ભરવામાં આવી હતી. જેનો યજમાન તરીકે શ્રી યોગેશભાઈ મનસુખલાલ લીંબાચીયાએ લાભ લીધો હતો વર્ષ દરમ્યાન ભાવિક ભક્તોએ મા લિમ્બચને અર્પણ કરેલ સાડીઓનું વેચાણ નજીવી કિંમત રૂા. ૧૦૦/- માં વેચાણ કરી જ્ઞાતિજનોને પ્રસાદ રૂપે આપવામાં આવી હતી.

ચૈત્ર સુદ સાતમ અને આઠમના રોજ સાથ સહકાર આપવા બદલ નવી કમિટીના પ્રમુખ શ્રી રતનભાઈ વી. લીંબાચીયા, ઉપપ્રમુખ શ્રી અમૃતભાઈ સી. લીંબાચીયા, મંત્રી શ્રી અશ્વિનભાઈ એલ. લીંબાચીયા, સહમંત્રી શ્રી વિપુલભાઈ એમ. જાદવ, સહમંત્રી શ્રી અલ્કેશભાઈ બી. લીંબાચીયા, ખજાનચી શ્રી જયેશભાઈ એન. વૈદ્ય, કારોબારી સભ્યો સર્વશ્રી નવનીતભાઈ પી. લીંબાચીયા, શ્રી મનોજભાઈ એસ. લીંબાચીયા, શ્રી મુકેશભાઈ વી. લીંબાચીયા, શ્રી ભાઈલાલભાઈ સી. લીંબાચીયા, શ્રી સચિનભાઈ જી. લીંબાચીયાએ તમામ ભાવિક ભક્તો તેમજ સર્વ જ્ઞાતિબંધુઓનો આભાર માની સાથ સહકાર દ્વારા ખભેખભાને મિલાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ગાંધીનગરથી પાટણ પગપાળા યાત્રા સંઘના આયોજક શ્રી રમેશભાઈ એસ. નાયી તથા ઘનશ્યામભાઈ પી. પારેખ દેવકરણ મુવાડાના વતની હાલ દહેગામ રહેતા શ્રી સુરેશભાઈ સી. શર્મા, શ્રી શૈલેષભાઈ શર્મા, શ્રી મફતભાઈ માણેકલાલ શર્મા, નાની છાસઠ નાયી સમાજના પૂર્વ પ્રમુખ નંદાસણ સ્થિત શ્રી દશરથભાઈ એમ. દલાલ, શ્રી નાની છાસઠ નાયી સમાજના મંત્રી-ટ્રસ્ટીશ્રી ભરતભાઈ કે. નાયી, ગુજરાત વાળંદ સેવા સંઘના ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ પી. નાયી, શ્રી પાટણ લિમ્બાચીયા કર્મચારી મિત્ર મંડળના પ્રમુખ શ્રી શૈલેષભાઈ આર. લિમ્બાચીયા, મંત્રી શ્રી મુકેશભાઈ નાયી (સિપોર) ખાસ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ડાયરાની આવકમાંથી પાટણ લિમ્બચ માતાની પોળમાં આવેલ ૩૫૦ વર્ષ અગાઉ દ્વારકાપીઠાધિશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીના શુભ હસ્તે સ્થાપિત મલ્લેશ્વર

મહાદેવના મંદિરના જીર્ણોદ્ધારનો વિચાર આવતાં, દાતાશ્રીઓએ મન મૂકી યથાશક્તિ દાન આપી નવી કમિટીના કાર્યમાં ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે બહારગામથી આવેલ તમામ આમંત્રિત મહેમાનોનું શાલ, પુસ્તક અને પાટણની પ્રખ્યાત મીઠાઈ દેવડા આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ડાયરાના કલાકારશ્રી વિષ્ણુભાઈ પનારાને ડાયરા ક્ષેત્રે ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેમનું સુવર્ણ જયંતિ મહોત્સવના પ્રતિક રૂપે સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાતિના પનોતા પુત્ર શ્રી અશોક રાજનું પણ સન્માનપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શિવભક્ત એવા જ્ઞાતિ સમાજસેવક શ્રી સુરેશભાઈ સી. શર્માએ જૂની કમીટી તેમજ ડાયરાના કલાકારોને શંકર ભગવાનનો ફોટો આપી વિશેષ સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ગુજરાતભરમાંથી પધારેલ જુદા જુદા સમાજના અગ્રણીઓની હાજરી જોતા એવું લાગતું હતું કે બધી નદીઓ જેમ સમુદ્રમાં મળી જઈ એકમેક થાય છે તેમ તમામ સમાજો પાટણમાં મા લિમ્બચના ધામમાં એકમેક થઈને સમગ્ર સમાજ એક છે તેવી ભાવનાના દર્શન થયા હતા.શ્રી મલ્લેશ્વર મહાદેવના જીર્ણોદ્ધારમાં સિંહફાળો આપી ડાયરાના કલાકાર શ્રી વિષ્ણુભાઈ પનારાએ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દાતાઓને પ્રોત્સાહિત કરી આર્થિક સહયોગ પ્રાપ્ત કરવામાં ખુબ જ મદદ કરી હતી. આ પ્રસંગે પાટણના પનોતા પુત્ર નવી કમીટીના પ્રમુખશ્રી રતનભાઈ વિરચંદદાસ લીંબાચીયાએ રૂા. ૫૧,૦૦૦/-, શ્રી પાટણ લિમ્બચ કેળવણી મંડળના પ્રમુખશ્રી જયેશભાઈ ભોગીલાલ જાદવે રૂા. ૨૧,૦૦૦/-, પાટણના વતની મુંબઈ સ્થિત સ્વ. પ્રવિણભાઈ કનૈયાલાલ લીંબાચીયાના સ્મરણાર્થે ગં. સ્વ. મંજુલાબેન પ્રવિણભાઈ લીંબાચીયાએ રૂા. ૧૧,૧૧૧/-, શ્રી લિમ્બચ માતા મંદિર કમિટી તથા શ્રી લિમ્બાચીયા જ્ઞાતિ સમાજ પાટણમાંથી સામાજિક સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પરિવર્તન એ સંસારનો નિયમ છે - આ વાક્યને ચરિતાર્થ કરનાર ૨૫ વર્ષથી વધુ સેવા આપનાર સેવા નિવૃત્ત કર્મયોગીઓનો જાહેર સન્માન કાર્યક્રમ યોજીને નવી કમિટીએ ખેલદિલીથી જૂની કમીટીનું ગુજરાત લેવલના અગ્રણી કાર્યકરોની હાજરીમાં સન્માન કરીને હમ સબ એક હૈ નો અમલ કરી ભવ્યાતિભવ્ય કાર્યક્રમ તા. ૪-૪-૨૦૨૫ ચૈત્ર સુદ-૭ના રોજ પાટણ ખાતે લિમ્બાચીયા જ્ઞાતિ સમાજની વાડીમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમને વધુ સારો દીપાવવા માટે ગુજરાતના લોકડાયરાના માણીગર આપણા સમાજનું રત્ન એવા શ્રી વિષ્ણુભાઈ પનારાનો લોકડાયરો રાખ્યો હતો જેમાં તેમના સાથી કલાકાર ભાવનાબેન રાણા તેમજ આપણી જ્ઞાતિનું ઘરેણું અને પાટણના પનોતા પુત્ર એવા હાસ્ય કલાકાર શ્રી અશોક રાજ ઉદ્‌ઘોષક તરીકે સેવા બજાવી શ્રી વિષ્ણુભાઈ પનારાને સાથ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરથી પગપાળા યાત્રા સંઘ જે પાટણ આવ્યો હતો તેઓએ ખુબ સુંદર હાજરી આપી પાટણના રહીશો સાથે ખભેખભો મિલાવી સાથ સહકાર આપ્યો હતો.

અગાઉની કમીટીના પ્રમુખ શ્રી ચંપકભાઈ બી. લિમ્બાચીયા, મંત્રી શ્રી જીતેન્દ્રકુમાર કે. જાદવ, સહમંત્રી શ્રી ભાઈલાલભાઈ સી. લિમ્બાચીયા, ખજાનચી શ્રી પ્રવિણભાઈ આર. લીંબાચીયા, કારોબારી સભ્ય શ્રી કિરીટભાઈ એન. લીંબાચીયા, સંજોગવશાત હાજર નહોતા રહી શક્યા તેથી તેમના નાનાભાઈ શ્રી જતીનભાઈ એન. લીંબાચીયા, શ્રી પૂનમચંદ કે. જાદવ, શ્રી ગોવિંદભાઈ જી. લીંબાચીયા, શ્રી જગદીશકુમાર એન. લીંબાચીયા, શ્રી રતનભાઈ વી. લીંબાચીયા, શ્રી અમૃતભાઈ સી. લીંબાચીયા, શ્રી સુરેશભાઈ વી. લીંબાચીયાનું પુસ્તક, શાલ અને સન્માનપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના અગ્રણી કાર્યકરો એવા સમારંભના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ આર. શર્મા, ગુજરાત પ્રાંતિક નાયી સભાના પ્રમુખ શ્રી ડૉ. પ્રો. કોકીલાબેન પી. પારેખ, ઉપપ્રમુખ શ્રી ડૉ. નયનભાઈ આર. પારેખ, મહામંત્રી શ્રી જશવંતભાઈ જી. શર્મા, મંત્રી શ્રી પ્રવિણભાઈ જી. લીંબાચીયા, શ્રી લિમ્બચ વિદ્યોત્તેજક મંડળના પૂર્વ ઉપપ્રમુખશ્રી ડૉ. બળદેવભાઈ જી. વૈદ્ય, અંબાજી ધર્મશાળાના પ્રમુખ શ્રી માધવલાલ એસ. નાયી, મહેસાણા ONGC Class-1 અધિકારી શ્રી અશોકભાઈ એ. વૈદ્ય, સમાલ બાવન સમાજના અમદાવાદ ઉપપ્રમુખ શ્રી અમૃતભાઈ કે. નાયી, શ્રી લીમ્બચ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ શ્રી ભોગીલાલ એમ. પારેખ, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી માણેકલાલ એમ. નાયી, મંત્રી શ્રી દિપકભાઈ એ. શર્મા બાલીસણાના વતની હાલ ચાંદખેડા અમદાવાદ રહેતા અ.સૌ. કોમલબેન મહેશકુમાર લીંબાચીયાએ રૂા. ૧૧,૧૧૧, સિસરાણાના વતની હાલ અમદાવાદ અ.સૌ. જશોદાબેન કેશવલાલ લીંબાચીયાએ રૂા.૧૧,૦૦૧, પાટણના ગં. સ્વ. હંસાબહેન મધુકાન્તભાઈ જાદવે રૂા. ૧૧,૦૦૦, મોટી છાસઠના જેઠલજ ગામના વતની હાલ

સોલા અમદાવાદ શ્રી અલ્પેશભાઈ પરસોત્તમભાઈ નાયી રૂા. ૭૧૦૦, ધાન્ધાર સમાજના મજાદરના વતની હાલ વલસાડ-વડોદરા અ.સૌ. રેણુકાબેન વિક્રમકુમાર પરમાર રૂા. ૫,૫૦૧, પાટણના ગં. સ્વ. વિમળાબેન પૂનમચંદ લીંબાચીયા રૂા. ૫,૧૦૧, ગુજરાત પ્રાંતિક નાયી સભાના પ્રમુખ પ્રો. ડૉ. કોકીલાબેન પી. પારેખ રૂા. ૫,૧૦૧, ઉપપ્રમુખ શ્રી ડૉ. નયનભાઈ આર. પારેખ રૂા. ૫,૦૦૧, મહામંત્રી શ્રી જશવંતભાઈ જી. શર્મા રૂા. ૫,૦૦૦, શ્રી ચુંવાળ જૂથ પાંચ પરગણાના ચાંદલોડીયા અમદાવાદ સ્થિત ડૉ. બળદેવભાઈ જી. વૈદ્ય રૂા. ૫,૧૦૦, ગાંધીનગરથી પાટણ પગપાળા સંઘના સ્થાપક શ્રી રણછોડભાઈ પી. શર્મા કે જેઓએ ૩૦ વર્ષ પહેલાં પગપાળા યાત્રા સંઘની શરૂઆત કરેલી તેમણે રૂા. ૫,૦૦૦, અંબાજી ધર્મશાળા ટ્રસ્ટના પ્રમુખ શ્રી માધવલાલ એચ. નાયી (બાલીસણા હાલ પાટણ) રૂા. ૫,૦૦૦, ગાંધીનગર પગપાળા યાત્રા સંઘના અગ્રણીઓ શ્રી રમેશભાઈ એસ. નાયી રૂા. ૧,૧૦૦, શ્રી માણેકલાલ એમ. નાયી રૂા. ૧,૧૦૦, શ્રી ભોગીભાઈ એમ. પારેખ રૂા. ૧,૧૦૦, શ્રી દિપકભાઈ એ. નાયી રૂા. ૧,૧૦૦, શ્રી ઘનશ્યામભાઈ પી. પારેખ રૂા. ૧,૧૦૦, શ્રી નાની છાસઠ નાયી સમાજના ટ્રસ્ટી મંત્રીશ્રી ભરતભાઈ કે. નાયી રૂા. ૧,૦૦૦, ગુજરાત પ્રાંતિક નાયી સભાના મંત્રી શ્રી પ્રવિણભાઈ જી. લીંબાચીયા રૂા. ૧,૦૦૦, શ્રી સમાલ બાવન સમાજ અમદાવાદના ઉપપ્રમુખ શ્રી અમૃતભાઈ કે. નાયી રૂા. ૧,૦૦૦ ભેટ આપી આર્થિક સહયોગ આપ્યો હતો.

ડાયરાનું મુખ્ય આકર્ષણ એટલે કે સ્ટેજ પર નોટોનો વરસાદ કરી જ્ઞાતિજનોએ રૂા. ૧૯,૦૦૦ જેટલી માતબર રકમ સ્ટેજ કલાકારોને ન્યોછાવર કરી હતી. આ તમામ રકમ શ્રી વિષ્ણુભાઈ પનારા તથા સાથી કલાકારોએ પરત કરી મલ્લેશ્વર મહાદેવના જિર્ણોદ્ધાર નિમિત્તે ભેટમાં આપી હતી. આમ અંદાજીત કુલ ફાળો રૂા. ૧,૯૦,૦૦૦ પ્રાપ્ત થયો હતો.

સન્માન સમારંભ દરમ્યાન જૂની કમીટીના ઉપપ્રમુખ સ્વ. ચંપકલાલ ખોડીદાસ લીંબાચીયાનું મરણોત્તર સન્માનપત્ર તેમના ધર્મપત્ની ગં. સ્વ. પ્રવિણાબેન ચંપકલાલ લીંબાચીયાને આપી શાલ અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ગં. સ્વ. પ્રવિણાબેન દ્વારા રૂા. ૧૧,૦૦૦, સમારંભના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ આર. શર્મા દ્વારા રૂા. ૫૧,૦૦૦, પાટણ લિમ્બાચીયા સમાજની જૂની કમીટીના પ્રમુખશ્રી ચંપકલાલ બાબુલાલ લિમ્બાચયા દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦, પાટણના પનોતાપુત્ર હાલ મહેસાણા સ્થિત શ્રી કિશનભાઈ વૃજલાલ લિમ્બાચીયા દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦, દહેગામથી પધારેલ શ્રી સુરેશભાઈ સી. શર્મા દ્વારા રૂા. ૫૧,૦૦૦, પાટણના વતની હાલ સુરત રહેતા શિવાનીબેન સંજયભાઈ લીંબાચીયા દ્વારા રૂં. ૫૧,૦૦૦ આમંત્રિત મહેમાન શ્રી મફતલાલ માણેલાલ શર્મા દ્વારા રૂા. ૨૫,૫૦૧, પાટણના હાલ નવી કમીટીના કારોબારી સભ્ય શ્રી મનોજકુમાર સેવંતીલાલ લીંબાચીયા દ્વારા રૂા. ૧૧,૦૦૦, સોજીત્રા રહેતા શ્રી રાજુભાઈ ગોવિંદલાલ શર્માએ પોતાની માતૃશ્રી ઉર્મિલાબેન શર્માના સ્મરણાર્થે રૂા. ૫,૦૦૧, દાંતા સ્થિત ગં. સ્વ. હસુમતીબેન દલસારામ લીંબાચીયાએ રૂા. ૧૧,૦૦૦, ગાંધીનગરનગર સ્થિત અ.સૌ. દેવીલાબેન હરીલાલ લીંબાચીયાએ રૂા. ૫,૦૦૦, આર્થિક સહયોગ જાહેર કરી કાર્યકરોનું મનોબળ વધારી જીર્ણોદ્ધારનું કાર્ય ઝડપથી શરૂ થાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

**- અશ્વિનભાઈ એલ. લીંબાચીયા, અમદાવાદ**

## શ્રી લિબચમાતા ધામ સેન મહારાજ સકુંલ ટ્રસ્ટ - ચોટીલા

શ્રી લિબચમાતા ધામ સેન મહારાજ સકુંલ ટ્રસ્ટ -ચોટીલા ખાતે સંસ્થા દ્વારા આયોજીત તા.૨૪.૦૫.૨૦૨૫ ને શનિવારે સવારે નવીન અતિથી હોલ બનાવવા માટે ભૂમિ પૂજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેના મુખ્ય મહેમાન શ્રી તરીકે શ્રી રસિકભાઈ બજાણીયા - વિરમગામ વાળા(રૂપીયા ૨૧ લાખનું દાન) તથા શ્રી જયેશભાઇ વાજા - વડોદરા વાળા( રૂપીયા ૨૧ લાખનું દાન) તથા સહયોગી મહેમાનો પણ ભૂમિ પૂજન કરવામાં જોડાયા હતાં જેમાં શ્રી બાબુભાઇ કઠવાડીયા (રૂપીયા ૧,૧૧,૧૧૧ /- નું દાન)તથા શ્રી નિકુંજ ભાઈ વાઘેલા (રૂપીયા ૫૧ હજાર નું દાન) તથા શ્રી ધિરૂભાઈ લિમ્બાચીયા તથા સંસ્થાના પ્રમુખશ્રી ધિરૂભાઈ સોલંકી તથા મહામંત્રીશ્રી*હરગોવિંદભાઈ સબારા દ્વારા ભૂમિ પૂજન બ્રામણના મંત્રોચ્ચાર વિધિ સાથે કરવામાં આવ્યું હતું. ઉપરાંત દાતાશ્રી રાજુભાઇ અડાલજા- નાવા-ચોટીલા રૂપીયા ૨૧,૦૦૦/- તથા સ્વ.

શ્રી મીનાબેન રમણીકભાઇ રાઠોડ -રમરેચી રૂપીયા ૨૧,૦૦૦/- તથા શ્રી રાવતભાઈ નાજાભાઈ બડમલીયા- ધજાળા વાળા રૂપીયા ૧૧,૦૦૦/- તથા શ્રી જેરામભાઈ જીવરાજ ભાઈ વૈષ્ણવ - દાદર-ગીર રૂપીયા ૧૧,૦૦૦/- તથા શ્રી હસમુખભાઈ મગનભાઈ પટેલ - નંદાસણ રૂપીયા ૧૧,૦૦૦/- તથા શ્રી ચંદ્રકાંત ભાઈ બાવળીયા -રાજકોટ રૂપીયા ૧૧,૦૦૦/- દાન જાહેર કરવામાં આવ્યું છે.

ઉપરાંત હાજર સંસ્થા ના ટ્રસ્ટીઓમાં શ્રી દશરથભાઇ દલાલ તથા શ્રી રમેશભાઈ સુરાણી તથા બિપીનભાઈ ગાલોરીયા તથા શ્રી લાલજીભાઈ અમરેલીયા તથા શ્રી ભાવેશભાઈ ગોહિલ તથા શ્રી અશોકભાઈ વૈધ તથા શ્રી દિપકભાઈ વાજા તથા શ્રી રાજુભાઇ અડાલજા તથા દૂર દૂર થી પધારેલા આમંત્રિત મહેમાનો પણ હાજરી આપી હતી. અન્ય સ્થળોએ સામાજીક તથા ધાર્મિક પ્રસંગો હોવાથી જે આમંત્રિત મહેમાનો આવી નથી શક્યા તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તે સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

એનાઉન્સર તરીકે રહી અશોકભાઈ વૈધ એ લિમ્બચ માતાજી તથા સેન મહારાજની સમૂહ માં જય બોલાવી હતી. આજે વિશેષમા સેન મહારાજ ની જન્મ જયંતી હતી. શરૂઆતમાં સ્વર્ગસ્થ ટ્રસ્ટીશ્રી ઓને યાદ કર્યો હતાં. ત્યારે પછી મહેમાનોને મંચસ્થ સ્થાન અપાવી, તેઓને સંસ્થા દ્વારા ફુલહારથી તથા શાલ ઓઢાડી તથા યાદગાર મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહેમાનો દ્વારા સંસ્થાને સંતોષકારક મોટું દાન આપવાની જાહેરાત કરી હતી . જેથી જલ્દી માં જલ્દી આ પ્રાજેકટ પૂર્ણ થાય.

પ્રમુખશ્રી ધિરૂભાઈ સોલંકી દ્વારા આ નવીન અતિથી હોલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. મહામંત્રી શ્રી હરગોવિંદભાઈ સબારા દ્વારા દાતાશ્રીઓનો સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. શ્રી દશરથભાઇ દલાલ એ વધુમાં વધુ દાન માટે દાતાશ્રીઓને આપવાં સમજાવ્યા હતા. લાલજીભાઈ અમરેલીયા તથા અન્ય સૌ ટ્રસ્ટીઓએ આ કાર્યે ને સફળ બનાવવા ખૂબ જ મહેનત કરી હતી. અંતે સૌએ સાથે મળીને સમૂહ ભોજન કરીને છુટાં પડ્યાં હતાં.

**- અશોકભાઈ એ. વૈદ્ય, મહેસાણા**

## BIO -DATA



| | | |
|---|---|---|
| Name | : | **Vaidya Divyesh Girishkumar** |
| Date of Birth | : | 14 January 2000 |
| Place of Birth | : | Ahmedabad |
| Rashi | : | Meena (Pisces) |
| Height | : | 6 feet |
| Education | : | M.Sc. IT (IMS) Computer Science |
| Religion/Caste | : | Hindu-Valand |
| Job/Occupation | : | Business - Bhavani Auto Parts, Opp. Panchshill Bus-Stop, Usmanpura, A'bad 380013 |
| Weight | : | 87 |
| Ghor-Jooth | : | Chuvad-Jooth |
| Village | : | Rampura-Bhankoda |

**Family Detsils**

| | | |
|---|---|---|
| Father | : | Vaidya Girishkumar Laljibhai |
| Occupation | : | Bhavani Auto Parts |
| Mother | : | Vaidya Jayshreeben Girishkumar |
| Occupation | : | HouseWife |
| Sister (Elder) | : | Parekh Niyati Dharmesh |
| Occupation | : | Job-Amazon (Canada) |
| Sister (Younger) | : | Limbachiya Jinali Rusabh |
| Occupation | : | Job-Childcare (Australia) |

**Contact Details**

| | | |
|---|---|---|
| Contact Number | : | Girishbhai - 8238371958<br>Vrajlal - 6352134072 |
| Address | : | A-404, Aryavrund,<br>Opp. Ratnam Bunglows,<br>Near Cims Hospital,<br>Sola Science City<br>Ahmedabad 380060 |

## ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. વસુબેન અનંતપ્રસાદ વૈદ્ય

(ચાંદખેડા, અમદાવાદ)

**જન્મ તા. ૨૨-૨-૧૯૩૪, ખેરાલુ • સ્વર્ગવાસ તા. ૨૯-૪-૨૦૨૪, વડોદરા**

વિસનગરમાં ગીરધરલાલ રામચંદ્ર વૈદ્યના પરિવારમાં વસુબેન તેમજ અનંતપ્રસાદ વૈદ્ય સૌથી મોટા વડીલ હોવાથી પારિવારીક જવાબદારી કૂનેહપૂર્વક નિભાવી. આ વૈદ્ય પરિવારે શાંતીભાઈ વૈદ્યને સૌ પ્રથમ સને ૧૯૬૨માં અભ્યાસ કરવા અમેરિકા મોકલ્યા, તેમજ નાના ભાઈઓના શિક્ષણની કાળજી લઈ આ પરિવારને અગ્રસ્થાન અપાવ્યું.

શિક્ષણને અગ્રીમતા આપી તે જમાનામાં આ પરિવારે પુત્ર હસિતને તથા દિકરી માલતીને ડૉક્ટર બનાવ્યા. હર્ષાને એમ.એસ.સી., સંગીતાને હોમ સાયન્સ અને દેવીને એલ.એલ.બી.નું ઉચ્ચ શિક્ષણ અપાવ્યું.

સહજતા, ઉદારતા, કર્તવ્ય પરાયણતા, સદ્‌ભાવના, સૂહૃદભાવ, સ્નેહ સૌમ્યતા, નિડરતા, સત્ય પ્રિયતા આપણાં સ્વભાવમાં વણાયેલા ઉત્તમ ગુણો હતા, પરમાર્થ અને પુરુષાર્થ આપની કર્તવ્ય નિષ્ઠા હતી, આપના દિવ્ય આત્માને પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ કોટિ કોટિ વંદન. આપની વિદાય માન્યામાં આવતી નથી, આપની ખોટ કદી પુરાશે નહીં.

ગાયત્રી માતાના ઉપાષક હોવાથી અમારા સૌની ઉપર આપના દિવ્ય આશીર્વાદ અચૂક વરસાવજો.

| | |
|---|---|
| **સાધના હસિત વૈદ્ય** | **ડૉ. હસિત અનંતપ્રસાદ વૈદ્ય (યુ.કે.)** |
| **હર્ષા રોહિત પારેખ** | **રોહિત આર. પારેખ નિવૃત્ત જજ. (વડોદરા)** |
| **ડૉ. માલતી પિયુષ જોશી** | **ડૉ. પિયુષ પી. જોશી (મેઘાણીનગર, અમદાવાદ)** |
| **સંગીતા રમેશ બજાણીયા** | **ડૉ. રમેશ મનસુખભાઈ બજાણીયા (ધાંગધ્રા)** |
| **દેવી દુષ્યંત પારેખ** | **દુષ્યંત ઈન્દ્રવદન પારેખ (અમેરિકા)** |

# અવસાન નોંધ

* **સાગથળા (ખેરાલુ)** દોતોર જથ લીમ્બાચીયા સમાજના **પારેખ ગીતાબેન જગદીશભાઈ**નું તા. ૨૦-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મલેકપુર (વડ)** દોતોર જથ લીમ્બાચીયા સમાજના **કૈલાસબેન સંજયકુમાર પારેખ**નું તા. ૨૩-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વેડા :** હાલ ગાંધીનગર, સોસ્તર જુથના **અમૃતભાઈ સોમાભાઈ નાયી**નું તા. ૨૮-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વિહાર :** સોસ્તર જુથના **લાલાભાઈ ચુનીલાલ નાયી**, તા. ૨૯-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વેડા :** સોસ્તર જુથના **દક્ષાબેન જયંતિભાઈ પારેખ**નું અમેરિકાખાતે તા. ૧૭-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભાલક :** સોસ્તર જુથના **સુરેશભાઈ ઈશ્વરલાલ**નું સુરત ખાતે તા. ૧૯-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મલેકપુર** (વડ) હાલ અમદાવાદ દોતોર જૂથના **વિઠ્ઠલદાસ લલ્લુરામ પારેખ**નું તા. ૧-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જાસ્કા :** હાલ વિસનગર, દોતોર જૂથના **શીતલબેન શૈલેષભાઈ**નું તા. ૧-૫--૨૫ના રોજ અવસાન થયું છે.
* **લણવા :** હાલ વડોદરા, **સુનીતાબેન હસમુખલાલ**નું તા. ૧૯-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ઝંડાલા :** તા. સાંતલપુર, **હીતેશભાઈ મણીલાલ નાયી**નું તા. ૨૪-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સુરેન્દ્રનગર : રમણીકલાલ ધનજીભાઈ અદ્રોજા**નું તા. ૮-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **આંબલીયારા : નાયી મણીભાઈ શીવાભાઈ**નું તા. ૬-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સોજીત્રા :** હાલ નડિયાદ : **મૌલિકાબેન મયંકભાઈ પારેખ**નું તા. ૧૧-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ધોરાજી : કિશોરભાઈ ચંદુભાઈ હીરાણી** (ચક્ષુદાતા)નું તા. ૧૨-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કંબોઈ : નાયી મનુભાઈ અમથાભાઈ**નું તા. ૧૦-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **નાર :** હાલ નડિયાદ : **મિનાક્ષીબેન અરવિંદભાઈ પારેખ**નું તા. ૧૭-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ઐઠોર** (હાલ અમદાવાદ) **સવિતાબેન હરિલાલ નાયી**નું તા. ૨૩-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ધીણોજ** (હાલ વડોદરા) **ચિમનલાલ ઈશ્વરલાલ લિંબાચીયા**નું તા. ૨૩-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ફતેપુર :** અડાઠમ જથના **અમિચંદભાઈ ગિરધરભાઈ**નું તા. ૨-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **પેઢમાલા :** અડાઠમ જથના **મણિભાઈ નાથાભાઈ નાયી**નું તા. ૧૦-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ચાંપલાનાર** (ગોભાઈ) અડાઠમ જથના **મણીબેન વિરચંદભાઈ નાયી**નું તા. ૧૩-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કંથરાયલી :** તેર જથના **ભરતભાઈ કાશીરામ લીંબાચીયા**નું તા. ૧૨-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ખીચા : રતિભાઈ ધનજીભાઈ લીંબાણી**નું તા. ૧૨-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વિસનગર : રમેશભાઈ મંગળદાસ લીંબાચીયા**નું તા. ૧૪-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વસો** (છાણી) **રાજેશભાઈ મનુભાઈ વાળંદ**નું તા. ૧૧-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જગતપુર** (નવાવાડજ) **રાકેશભાઈ બાબુભાઈ વાળંદ**નું તા. ૧૩-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ગોવાડા : મંજુલાબેન અમૃતલાલ મારડીયા**નું તા. ૧૪-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મેઉ :** નાની છાસઠના **મહેશભાઈ શંકરલાલ લિંબાચીયા**નું (યુ.કે.) તા. ૧૪-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **અમદાવાદ : કોમલબેન અશ્વિનભાઈ ચૌહાણ**નું તા. ૧૧-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભંડુરી : રમેશભાઈ દેવશીભાઈ વાઘેલા**નું તા. ૧૫-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ગાંધીનગર : રમેશભાઈ મંગળદાસ લિંબાચીયા**નું તા. ૧૮-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મોટામાંડવા : પ્રભાબેન છગનભાઈ પાડલીયા**નું તા. ૧૭-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રાજકોટ : શારદાબેન દિનેશભાઈ ભટ્ટી**નું તા. ૧૬-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **દાસજ (ભરૂચ) : વિમળાબેન ભોગીભાઈ નાયી**નું તા. ૧૬-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **બરવાવા : હિંમમતભાઈ મણીભાઈ પનારા**નું તા. ૧૭-૫-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ખાનપુર : પીયુષભાઈ બાબુભાઈ લિંબાચીયા**નું તા. ૧૭-૫-૨૫ના રોજ અવસાન થયું છે.

ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.



## BIO-DATA



### Personal Information

| | | |
|---|---|---|
| Name | : | **Milan Visani** |
| Date of Birth | : | 2nd Jan 1994 |
| Place of Birth | : | Bhavnagar |
| Height | : | 5 Feet 9 Inches |
| Rashi | : | Simha (Leo) |
| Current Living | : | Ahmedabad |

### About Me

I describe myself as an ambitious, understanding, and kind person who values relationships built on trust and respect.

I am passionate about building a meaningful connection filled with love, mutual growth, and good vibes. I'm hoping to find someone who is kind, loyal, and understanding, and who is ready to enjoy life together.



### Education & Career

| | | |
|---|---|---|
| Qualification | : | B.Tech. (Gold Medalist) |
| Occupation | : | Associate Manager |

### Family Details

| | | |
|---|---|---|
| Father | : | Jagdishbhai Visani |
| Mother | : | Induben Visani |
| Hometown | : | Bhavnagar, Gujarat |
| Contact No. | : | +91 9106656900, +91 9898035883, +91 9714139242 |

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2025-2027
Dt. 12-12-2024 Valid upto 31-12-2027 issued by SSPO's Ahmedabad City Division



## હૃદયાંજલિ

## સ્વ. રમણીકભાઈ ધનજીભાઈ આદ્રોજા

**સ્વ. તા. ૮-૫-૨૦૨૫, ગુરૂવાર**

સુરેન્દ્રનગરના જ નહીં પરંતુ સમગ્ર ઝાલાવાડ વાણંદ સમાજ આદરણીય મુરબ્બી અને સમાજનું અણમોલ રતન એવા શ્રી રમણીકભાઈ ધનજીભાઈ આદ્રોજા કે જેઓ “RD”ના હુલામણા નામથી સમગ્ર સમાજમાં જાણીતા હતા. અગિયારસના અતિ પવિત્ર દિવસે પ્રભુએ તેમની પાસે બોલાવ્યા છે. પ્રભુ તેમના દિવ્ય અને પવિત્ર આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના છે.

શ્રી જય લિમ્બચ કર્મચારી મંડળ-સુરેન્દ્રનગરના પ્રમુખ તરીકે ૧૦ વર્ષ સુધી ઉત્તમ પ્રકારની સેવાઓ આપી, વાણંદ સમાજના ટ્રસ્ટી તરીકે ૨૫ વર્ષ સુધી ઉત્તમ પ્રકારની નિઃસ્વાર્થ સેવાઓ આપી સમાજના અગણિત કામો કર્યા. શ્રી આદ્રોજા સાહેબે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. સમાજના કોઈ પણ કામ હોય શ્રી આદ્રોજા સાહેબ હરહંમેશ દાન દેવા તત્પર જ હોય.

તેઓએ સદાય સુરેન્દ્રનગર સમાજના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ કાર્યક્રમ, શૈક્ષણિક સેમિનાર, સમૂહલગ્નમાં દાન, વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ અને સમાજના કોઈપણ વિકાસના કામમાં ક્યારેય ફાળો ન આપ્યો હોય તેવું બન્યું નથી. સમાજની તમામ સંસ્થાઓને ઉદાર હાથે દાન આપી આ સંસ્થાઓને વિકસાવવામાં મદદરૂપ થયા છે.

શ્રી આદ્રોજા સાહેબ RSSના પાયાના કાર્યકર હતા. જેથી દેશપ્રેમ, પ્રમાણિકતા, વફાદારી, દેશદાઝ, સમય પાલન અને કર્તવ્યનિષ્ઠા જેવા અમૂલ્ય ગુણો તેમના લોહીમાં વણાયેલા હતા.

આદ્રોજા સાહેબે તેમની ડિસ્ટ્રિક્ટ કોર્ટની અંગ્રેજી સ્ટેનોગ્રાફર તરીકે નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી સેવાઓ બજાવી શ્રેષ્ઠ કર્મચારી તરીકે આજીવન ફરજ બજાવેલ છે. પરીણામ સ્વરૂપ તેમના સંતાનો આજે ઉચ્ચ કક્ષાએ ફરજ બજાવી રહ્યા છે. કુદરતની અનમોલ ભેટ છે.

સદ્‌ગત રમણીકભાઈ મીતભાષી, કુટુંબવત્સલ, જ્ઞાતિ શુભચિંતક અને સેવાભાવી હતા.
તેમના સ્વભાવ અને વ્યવહારથી સૌને માટે આદરણીય હતા.
તેમના જવાથી તેમના પરિવાર તથા આપણા સમાજને મોટી ખોટ પડી છે.
સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના... ઓમ... શાંતિ... શાંતિ...

**શ્રી જય લિમ્બચ કર્મચારી મંડળ પરિવાર, સુરેન્દ્રનગર.**

ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

Printed & Published by
BALUBHAI BABABHAI PAREKH on behalf of
SHREE GUJARAT VALAND SEVA SANGH and
Printed at NAVPRABHAT PRINTING PRESS,
9, Punaji Industrial Estate, Dhobighat Cross
Road, Dudheswar, Ahmedabad-380004,
and Published from
VALAND VIKAS Karyalaya, Gulbai Tekra,
Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - ARVINDBHAI S. VAIDYA